જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.03/૧૧/૨૦૨૨ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૯૭૫/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/૧૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
| --- | --- | --- | --- |
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯ | ૩,૬૪,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
| --- | --- | --- | --- |
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૭૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૮૪ લીટર દેશી દારૂ, ૪૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૨૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૩૮ બિયર ટીન, ૧ કાર, ૧ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તથા જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૪,૩૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૭૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૯૭૮/૨૦૨૨**

રામોલઃ અમિતગીરી ભીખુગીરી વૈરાગી (ઉ.વ.૩૬) (રહે. તેજેન્દ્ર ડુપ્લેક્ષ અમરાઇવાડી પોસ્ટ ઓફીસ પાસે) એ તા.૦૨/૧૧/૨૦૨૨ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વસ્ત્રાલ અવધ પ્રાઇડ દુકાન નંબર-૦૫ "એનીટાઇમ કેક" નામની દુકાન ખાતે આરોપી વિશાલ પિતામ્બર શર્મા (રહે.શીલ્પ એન્કલેવ જનતાનગર પાછળ ચાંદખેડા) એ અમિતગીરી વૈરાગીને જણાવેલ કે "પોતે "એની ટાઇમ" નામની પ્રોપરાયટરશીપના પ્રોપરાયટર છે અને તેમા રોકાણ કરવાથી નફો થાય છે, જેમા તમે રોકાણ કરશો તો તમને તેમા ભાગીદારી આપીશુ" તેમ કહી અમિતગીરી વૈરાગી પાસેથી તા.૨૭/૦૨/૨૦૨૦ થી તા.૧૪/૧૨/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન રૂપિયા ૨૯,૦૦,૦૦૦/- રોકાણ કરાવી નફો કે રોકાણ કરેલ નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.બી.લોઢા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૯૭૯/૨૦૨૨**

**વાડજઃ** જયેશકુમાર લક્ષ્મણભાઇ નિનામા (રહે. સાગર એપાર્ટમેનટ ભાવસાર હોસ્ટેલ સામે નવા વાડજ) એ તા.૦૨/૧૧/૨૦૨૨ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૦/૨૦૨૨ બપોરના ૪/૦૦ થી તા.૦૧/૧૧/૨૦૨૨ બપોરના ૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૮૯,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.પરમાર ચલાવે છે.

**શાહીબાગઃ** ધનરાજ ચંપાલાલ મહેતા (રહે. જૈમીની ફલેટ દિપીકા સોસાયટી પાસે ડફનાળા રોડ શાહીબાગ) એ તા.૦૨/૧૧/૨૦૨૨ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૦/૨૦૨૨ બપોરના ૪/૩૦ થી સાંજના ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૫,૭૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫,૭૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૧,૪૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.ડી.જાડેજા ચલાવે છે.

**એરપોર્ટ**: પ્રકાશભાઇ સુદરદાસ કેવલાણી (રહે. સિંધી કોલોની દાદીપુરી વાળી ગલી સરદારનગર) એ તા.૦૨/૧૧/૨૦૨૨ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧૦/૨૦૨૨ કલાક ૯/૦૦ થી તા.૦૧/૧૧/૨૦૨૨ કલાક ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એચ.પાંડવ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૮૦/૨૦૨૨**

**રિવરફ્રંટ વેસ્ટ**: રોહિત મેરૂભાઈ સોલંકી (ઉ.વ.૧૯) (રહે. રવિ ઉદય સોસાયટી આનંદજી બ્લોકની બાજુમાં બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૦૨/૧૧/૨૦૨૨ કલાક ૯/૦૦ વાગ્યા પહેલા સરદારબ્રીજ પાસે રીવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૧૧ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

**શહેરકોટડા**: મિથલેશ સુનીલકુમાર રાજભર (ઉ.વ.૨૭) (રહે. ભગવતિનગરની ચાલી કૈલાશનગરની બાજુમાં રાજસ્થાન વિડીયો પાસે પ્રેમનગર મેમ્કો) એ અગમ્ય કારણસર તા.૦૨/૧૧/૨૦૨૨ સાંજના ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતની લોખંડની એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હઠિસિંહ કેસરીસિંહ ચલાવે છે.

**મેઘાણીનગર**: લીલાબહેન રાજુભાઇ પટણી (ઉ.વ.૪૪) (રહે. નર્મદાબેનની ચાલી કલાપીનગર મેઘાણીનગર) એ બીમારીથી કંટાળી તા.૦૧/૧૧/૨૦૨૨ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૧૧/૨૦૨૨ કલાક ૪/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ઉત્તમભાઇ બચુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી